# આગામી સપ્તાહમાં કેન્દ્રીય કેબિનેટમાં ધરખમ ફેરફાર

નવી દિલ્હી, તા.૨૧

રાજકીય અસ્થિરતા વચ્ચે કેન્દ્રીય કેબિનેટમાં ધરખમ ફેરફારનો તખ્તો ગોઠવાઈ ચૂક્યો છે. આગામી સપ્તાહમાં સોમવાર અથવા મંગળવારના દિવસે કેબિનેટમાં ફેરફાર કરવામાં આવશે. જો સોમવાર અથવા મંગળવારે ફેરફાર નહીં થાય તો ઓક્ટોબરના બીજા સપ્તાહ સુધી આને ટાળી દેવામાં આવશે પરંતુ સરકાર મંત્રીમંડળના વિસ્તરણ અને ફેરફારને વધારે સમય સુધી ટાળવાના મૂડમાં નથી. આ જ કારણસર કેબિનેટ મંત્રીઓના વિદેશ પ્રવાસ પણ રદ કરવામાં આવ્યા છે. સરકાર અને પાર્ટી સંગઠનમાં પણ કોંગ્રેસ ફેરફારની યોજના ધરાવે છે. ઘણા પ્રધાનોને પાર્ટીની જવાબદારી સોંપવામાં આવશે. જ્યારે કેટલાક પ્રધાનો પાસેથી વધારાની જવાબદારી લઈ લેવામાં આવશે. રેલવે ખાતું કોંગ્રેસ હવે પોતાની પાસે રાખે તેવી શક્યતા છે. બીજી બાજુ કોંગ્રેસના યુવરાજ અને હાલ લોકપ્રિયતા મેળવી રહેલા રાહુલ ગાંધી કેબિનેટમાં હજુ પણ સામેલ થશે નહીં. કેબિનેટમાં સામેલ થવાના મામલે ચાલી રહેલી અટકળો પર પૂર્ણ વિરામ મૂકી દેવામાં આવ્યો છે. તૃણમૂલે ટેકો પાછો ખેંચી લીધા બાદ કેન્દ્રીય કેબિનેટમાં મોટાપાયે ફેરફાર થનાર છે. રાહુલ ગાંધીની મોટી જવાબદારી સોંપવાની વાત ચાલી રહી છે. મળેલા અહેવાલ મુજબ રાહુલને માત્ર દોઢ વર્ષના ગાળા માટે મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવશે નહીં. કોંગ્રેસ હાઈકમાન્ડ મહારાષ્ટ્રમાં કોઈ ફેરફાર કરશે નહીં પરંતુ કર્ણાટક અને બંગાળના કેટલાક નેતાઓને કેબિનેટમાં સ્થાન આપવામાં આવી શકે છે.

કોંગ્રેસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ કેન્દ્રીય કેબિનેટમાં વ્યાપક ફેરફાર આગામી સપ્તાહમાં કરવામાં આવે તેવી શક્યતા છે.



પક્ષના સૂત્રોનું કહેવું છે કે સરકાર અને પાર્ટી બંનેમાં ધરખમ ફેરફાર કરવામાં આવશે. ગૃહ, નાણાં, સંરક્ષણ અને વિદેશ મંત્રાલય યથાવત્ રાખવામાં આવશે. કેટલાક મંત્રીઓની પાસે એકથી વધુ ખાતાઓ હોવાથી તેમને વધારાના ભારમાંથી મુક્તિ આપવામાં આવી શકે છે. માનવ સંશાધન વિકાસ પ્રધાન કપીલ સિબ્બલની પાસે દૂર સંચાર મંત્રાલયનો વધારાનો હવાલો પણ છે જે ટુજી કૌભાંડમાં રાજાના રાજીનામા બાદ આપવામાં આવ્યો હતો. વિરપ્પા મોઈલી અને વ્યાલર રવિની પાસે પણ એકથી વધારે જવાબદારી છે. એવી શક્યતા છે કે કેટલાક મંત્રીઓનો પાર્ટીના કામની જવાબદારી સોંપવામાં આવશે.

કેટલાક મંત્રીઓને વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીની તૈયારીના ભાગરૂપે પક્ષના સંગઠનમાં મોકલવામાં આવશે. યુપીએ સાથે છેડો ફાડી લેવાનો નિર્ણય તૃણમૂલ દ્વારા કરી લેવામાં આવ્યો છે ત્યારે ૧૬ વર્ષના લાંબાગાળા બાદ કોંગ્રેસ ફરીથી રેલવે મંત્રાલય પોતાની પાસે લઈ લે તેવી શક્યતા છે. એવું જાણવા મળી રહ્યું છે કે રેલવે ખાતું હવે કોંગ્રેસ પોતાની પાસે રાખશે. વડાપ્રધાન મનમોહનસિંહ પોતે આ ખાતું રાખી શકે છે અથવા તો જયરામ રમેશ જેવા વરિષ્ઠ પ્રધાનને આ મહત્વપૂર્ણ જવાબદારી આપી શકે છે. કેન્દ્રીય કેબિનેટની ફેર રચના કરવાની તૈયારી કરી લેવામાં આવી છે.

તૃણમૂલના નેતા મુકુલ રોયે આજે રેલવે મંત્રી તરીકે રાજીનામું આપી દીધું હતું. વડાપ્રધાન મનમોહનસિંહ હવે પ્રાદેશિક પક્ષોને આ ખાતું આપવાને બદલે કોંગ્રેસ પાસે જ આ ખાતું રાખી રહ્યા છે. મમતા બેનર્જીએ થોડાક દિવસ પહેલા ભાવવધારાના મુદ્દે ટેકો પાછો ખેંચી લીધો હતો. સુધારાની પ્રક્રિયા હાથ ધરવામાં આવ્યા બાદથી પ્રાદેશિક પક્ષો નાખુશ દેખાઈ રહ્યા હતા. સુધારાના એજન્ડાના ભાગરૂપે છેલ્લા આઠથી નવ વર્ષમાં રેલવે યાત્રી ભાડામાં વધારા સાથે કોઈ ચેડા કરાયા ન હતા.

## રિબોક કૌભાંડ : પૂર્વ એમડી અને અન્ય ચાર રિમાન્ડ પર

ગુડગાંવ, તા.૨૧

ગુડગાંવની સ્થાનિક અદાલતે ૮૭૦ કરોડ રૂપિયાનો છેતરપિંડી કેસમાં રિબોકના પૂર્વ એમડી અને અન્ય ચારને પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ ઉપર લઈ લીધા છે. રિમાન્ડ ઉપર લેવામાં આવેલા અધિકારીઓમાં તેના હકાલપટ્ટી કરવામાં આવેલા એમડી સુભીન્દરસિંહ અને પૂર્વ સીઓઓ વિષ્ણુ ભગતનો સમાવેશ થાય છે. તેમની કંપનીમાં ૮૭૦ કરોડ રૂપિયાની છેતરપિંડીમાં સંડોવણી બદલ ધરપકડ કરવામાં આવી હતી. આ તમામને સાત દિવસ માટે પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ ઉપર લેવામાં આવ્યા છે. જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ સંદીપ યાદવે પબ્લિક પ્રોસીક્યુટર પ્રદીપ ગુલિયાની દલીલો સાંભળ્યા બાદ સાત દિવસના પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ પર લેવાનો આદેશ કર્યો હતો. ગુલિયાએ કહ્યું હતું કે પોલીસને આ કેસમાં સંબંધમાં જરૂરી દસ્તાવેજો, લેપટોપ અને અન્ય ઈલેક્ટ્રોનીક વસ્તુઓ કબજે કરવા ૧૦ દિવસની જરૂર છે. પરંતુ સાત દિવસની પોલીસ કસ્ટડી મંજૂર કરવામાં આવી હતી. ડિફેન્સ વકીલોએ દલીલ કરી હતી કે ૨૧મી મે ૨૦૧૨ના દિવસે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદથી તપાસ દરમિયાન પોલીસ સાથે આરોપી સહકાર કરી રહ્યા છે. જેથી પોલીસ કસ્ટડીની કોઈ જરૂર દેખાઈ રહી નથી. સિંહ અને ભગત ઉપરાંત અન્ય જે ત્રણ અધિકારીની ધરપકડ કરવામાં આવી છે તેમાં સંજય મિશ્રા, પ્રશાંત ભટનાગર અને સુરક્ષિત ભટ્ટનો સમાવેશ થાય છે. માર્ચ ૨૦૧૨માં આ સમગ્ર મામલો સપાટી ઉપર આવ્યો હતો. એ વખતે ભારે હોબાળો થયો હતો.

## સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવે કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારને બહારથી ટેકો આપવાની આપેલી ખાતરી

નવી દિલ્હી, તા.૨૧

મમતા બેનર્જીએ ટેકો પાછો ખેંચી લીધા બાદ મુશ્કેલીનો સામનો કરી રહેલી યુપીએ સરકારને આજે મોટી રાહત મળી ગઈ હતી. કારણ કે સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવે કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારને બહારથી ટેકો આપવાની ખાતરી આપી હતી. જો કે મુલાયમે કહ્યુ હતુ કે ભાવ વધારા સામે વિરોધ જારી રહેશે કારણ કે આનાથી કરોડો લોકોને ફટકો પડ્યો છે. પત્રકારો સાથે વાતચીત કરતા મુલાયમસિંહે કહ્યું હતું કે કોમવાદી પરિબળોને સત્તાથી દૂર રાખવા માટે યુપીએને બહારથી અમારો ટેકો જારી રહેશે. પરંતુ રિટેલ ક્ષેત્રમાં એફડીઆઈનો વિરોધ પણ કરવામાં આવશે. મમતા બેનર્જીએ ટેકો પાછો ખેંચી દીધા બાદ મુલાયમ પણ આ દિશામાં આગળ વધશે કે કેમ તે અંગે છેલ્લા બે દિવસથી ચાલી રહેલી અટકળોનો આજે સવારે અંત આવી ગયો હતો અને યુપીએ સરકારને



મોટી રાહત મળી ગઈ હતી. મુલાયમે બહારથી ટેકો આપવાની ખાતરી આપી છે. મધ્યસત્ર ચૂંટણીની શક્યતા અંગે પૂછવામાં આવતા મુલાયમસિંહે કહ્યું હતું કે અમે મધ્યસત્ર ચૂંટણીની ફરજ પાડીશું નહીં.

ત્રીજા મોરચાના મુદ્દે વાત કરતા મુલાયમે કહ્યું હતું કે બિનકોંગ્રેસી અને બિનભાજપ ગઠબંધન આગામી લોકસભાની ચૂંટણીમાં જીત મેળવશે. ત્રીજા મોરચાની આગામી લોકસભાની ચૂંટણીમાં જીત નિશ્ચિત છે. મુલાયમે દાવો કર્યો હતો કે ભાજપ અને કોંગ્રેસ બંનેની હાલત કફોડી બનેલી છે. મમતા બેનર્જીએ ટેકો પાછો ખેંચી દીધા બાદ યુપીએ સરકાર ભીષમાં દેખાઈ રહી હતી. તૃણમૂલના ૧૯ સાંસદો છે અને યુપીએના બીજા સૌથી મોટા ઘટકપક્ષ તરીકે છે. ટીએમસીના નિર્ણયના કારણે યુપીએનું અસરકારક સંખ્યાબળ ૫૪૫ લોકસભાની સીટમાં ૨૭૩થી ઘટીને ૨૫૪ થઈ ગયું છે જે બહુમતી આંક કરતા ઓછો છે. હવે યુપીએને બહારથી ટેકો આપનાર સપા અને બહુજન સમાજ પાર્ટીમાંથી કોઈ એકને આવરી લેવાની જરૂર પડશે.

## ૨૦૧૩માં ખાદ્ય ચીજવસ્તુ રેકોર્ડ ઉંચી સપાટીએ રહેશે

મુંબઈ, તા.૨૧

વર્ષ ૨૦૧૩માં ખાદ્ય ચીજવસ્તુઓની કિંમતો રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી શકે છે. રાબો બેંકે આજે અહેવાલમાં આ મુજબનો દાવો કર્યો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે આ પ્રવાહ વર્ષ ૨૦૧૩ના ત્રીજા ત્રિમાસિક ગાળા સુધી જારી રહે તેવી શક્યતા છે. રેબો બેંકે પોતાના અહેવાલમાં એમ પણ જણાવ્યુ છે કે ફુગાવાના કારણે સામાન્ય લોકોને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. પોતાના અંદાજમાં જણાવવામાં આવ્યુ છે કે ફુડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (એફએઓ) ફુડ પ્રાઈઝ ઈન્ડેક્ષમાં જુન ૨૦૧૩ના અંત સુધી ૧૫ ટકા સુધીનો વધારો થશે. આવી સ્થિતિમાં મોટાભાગની ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચી શકે છે. કિંમતો ખુબ ઉંચી સપાટીએ રહેશે. રેબો બેંકે કહ્યુ છે કે અનાજ અને તેલિબિયાની કિંમતો સૌથી ઉંચી સપાટીએ રહેશે. આગામી ૧૨ મહિનાના ગાળામાં લોકોને મોંઘવારીથી કોઈ પણ પ્રકારની રાહત મળશે નહીં. ખરીદી સ્થિર રહેવાની શક્યતા દેખાઈ રહી છે. ચોખા અને ઘંઉ જેવા અનાજની કિંમતો પણ ઉંચી રહેવાની શક્યતા દેખાઈ રહી છે. વિકસિત અર્થતંત્રમાં અને ખાસ કરીને અમેરિકા અને યુરોપમાં માંસ અને અન્ય સંબંધિત ચીજવસ્તુઓની કિંમતો ઉંચી છે. ભારતમાં ઉંચી ખાદ્ય ચીજવસ્તુઓની વાત કરવામાં આવતા સામાન્ય લોકોને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડશે તેટલામાં ઓછુ હોય તેમ ભારત ઉપરાંત અન્ય દેશોમાં પણ મોંઘવારી વધુ મુશ્કેલરૂપ રહેશે. એશિયા, મધ્યપૂર્વ અને ઉત્તરના દેશોમાં કિંમતો ઉંચી રહેવાથી લોકોની ખરીદ શક્તિમાં ઘટાડો થશે. તાજેતરના વર્ષોમાં તમામ જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં રેકોર્ડ ઉછાળો નોંધાયો છે. મોંઘવારીના કારણે તમામ લોકો પરેશાન થયા છે. મોંઘવારી ઉપર અંકુશ મુકવા માત્ર સરકાર જ નહીં બલ્કે આરબીઆઈએ પણ પગલા લીધા છે. આરબીઆઈએ થોડાક સમય પહેલા ફુગાવા ઉપર અંકુશ મુકવાના હેતુસર વ્યાજદરમાં વધારો કરવાનો સિલસિલો હાથ ધર્યો હતો જે તે હાલમાં આરબીઆઈએ આ પ્રવાહ પર બ્રેક મુક્યો છે. હાલમાં રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આરબીઆઈએ તેની છેલ્લી ત્રિમાસિક સમિક્ષામાં રેટ યથાવત રાખ્યા હતા. પરંતુ સીઆરઆરમાં ઘટાડો કર્યો હતો.

## તૃણમુલ કોંગ્રેસના છ પ્રધાનોએ વડાપ્રધાનને રાજીનામા સોંપ્યા

નવી દિલ્હી, તા.૨૧

તૃણમુલ કોંગ્રેસના છ પ્રધાનોએ આજે વડાપ્રધાન મનમોહનસિંહને રાજીનામા સોંપી દીધા હતા આની સાથે જ સમાધાનની તમામ શક્યતાનો અંત આવી ગયો હતો. સાંજે ચાર વાગ્યે તૃણમુલના મંત્રી વડાપ્રધાનના આવાસ સાત રેસકોર્સ ઉપર પહોંચ્યા હતા અને તેમના રાજીનામાં સોંપી દીધા હતા. રીટેલમાં એફડીઆઈને મંજુરી આપવામાં આવતા આનો વિરોધ કરીને મમતા બેનર્જીના પક્ષના તમામ પ્રધાનોએ રાજીનામાં આપી દીધા છે. ત્યારબાદ ટીએમસીના નેતા રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મળવા માટે પહોંચી ગયા હતા. અલબત્ત આ પ્રધાનોના રાજીનામા બાદ પણ સરકાર પર કોઈ ખતરો દેખાઈ રહ્યો નથી. યુપીએને બહુમતિ માટે ૨૭૧નો આંકડો જોઈએ છે. તૃણમુલના સભ્યો હટી ગયા બાદ હાલના સમયમાં યુપીએની પાસે પુરતુ સંખ્યાબળ છે. બીજીબાજુ વડાપ્રધાન



મનમોહનસિંહે કહ્યુ હતુ કે તૃણમુલના પ્રધાનોના રાજીનામાથી તેઓ દુખી છે. આ અગાઉ આની જાહેરાત થતા રેલ્વે પ્રધાન મુકુલ રોયે કહ્યુ હતુ કે તૃણમુલ કોંગ્રેસના મંત્રી વડાપ્રધાનની કચેરીમાં જશે. તૃણમુલ કોંગ્રેસે ત્રણ દિવસ પહેલા જ યુપીએ સરકારની નીતિઓથી નારાજ થઈને ટેકો પાછી ખેંચી લેવાની જાહેરાત કરી હતી. તૃણમુલ કોંગ્રેસના પ્રધાનોએ ટેકો પાછો ખેંચી લીધા બાદ સરકાર હતાશ દેખાઈ રહી છે. એકબાજુ તૃણમુલ કોંગ્રેસે યુપીએ સરકારનો સાથ છોડી દીધો છે. બીજીબાજુ મુલાયમસિંહે યુપીએને ટેકો આપવાની જાહેરાત કરી છે જેથી કોઈ વધારે મુશ્કેલી દેખાઈ રહી નથી.

## ચાંદીમાં ૪૦૦નો વધારો તેમજ સોનામાં રૂપિયા ૫૦નો ઘટાડો

નવી દિલ્હી, તા.૨૧

બુલિયન બજારમાં આજે ઉથલ પાથલ જોવા મળી હતી. સોના ચાંદીમાં લોકોએ રોકાણ કર્યુ હતુ પરંતુ બંને ધાતુમાં ઘટાડા વધારાનો દોર રહ્યો હતો. બે દિવસનાં મીની વેકેશન બાદ ખુલેલા અમદાવાદ સોના-ચાંદી બજારમાં શુક્રવારે મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો. જેમાં ચાંદીનાં ભાવમાં ઉંચો સુધારો જોવા મળ્યો હતો. જ્યારે સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો.

સર્વપ્રથમ સોનાની વાત કરીએ તો શુક્રવારનાં કારોબારનાં અંતે અમદાવાદ માર્કેટમાં પ્રતિ દશ ગ્રામ સોનાના ભાવમાં રૂપિયા ૫૦નો ઘટાડો નોંધાયો હતો. આ સાથે દિવસના અંતે સોનાના ભાવ રૂપિયા ૩૨૧૫૦ થી



૩૨૨૫૦ની સપાટીએ બંધ રહ્યા હતા. જે બે દિવસ પહેલાં મંગળવારે બંધ થયેલ માર્કેટ વખતે રૂપિયા ૩૨૨૦૦થી ૩૨૩૦૦ રૂપિયાની સપાટીએ બંધ હતા. જ્યારે સોનામાં ઘટાડાથી વિરુદ્ધ અમદાવાદ માર્કેટમાં ચાંદીના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો.

શુક્રવારના કારોબારના અંતે પ્રતિ કિલોગ્રામ ચાંદીના ભાવ રૂપિયા ૪૦૦ના વધારા સાથે રૂપિયા ૬૦૨૦૦થી ૬૦૭૦૦ની સપાટીએ બંધ રહ્યા હતા. જે મંગળવારે બંધ થયેલ માર્કેટ સમયે રૂપિયા ૫૯,૮૦૦ થી ૬૦૩૦૦ની નીચી સપાટીએ બંધ હતા. જ્યારે ચાંદીના પગલે શુક્રવારના કારોબારનાં અંતે અમદાવાદ માર્કેટમાં પ્રતિ કિલોગ્રામ રૂપાના ભાવમાં રૂપિયા ૪૦૦નો વધારો જોવા મળ્યો હતો. જેના લીધે દિવસના અંતે રૂપાના ભાવ રૂપિયા ૬૦૦૦થી ૬૦૫૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે મંગળવારે ૫૯૬૦૦ થી ૬૦૧૦૦ની સપાટીએ સ્થિર રહ્યો હતો. આમ બે દિવસનાં મિની વેકેશન બાદ ખુલેલા અમદાવાદ સોના-ચાંદી માર્કેટમાં સોનાના ભાવમાં ઘટાડો તો ચાંદી અને રૂપાના ભાવમાં જંગી વધારો જોવા મળ્યો હતો.

## એલપીજી પર ડ્યુટી ઘટાડી નાબૂદ કરી દેવાઈ: લોકોને આંશિક રાહત

નવીદિલ્હી, તા.૨૧

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને આજે મોટી રાહત મળી હતી કારણ કે સરકારે નોન સબસિડીના દાયરામાં આવનાર રાંધણગેસ સિલીન્ડરો પર કસ્ટમ અને એક્સાઈઝ ડ્યુટીને ઘટાડીને શૂન્ય કરી દીધી છે. આ જાહેરાત બાદ સામાન્ય લોકોને છથી વધુ રાંધણગેસના સિલીન્ડર પર અંદાજે ૧૪૦ રૂપિયાની રાહત થશે. ડ્યુટીને સંપૂર્ણપણે નાબુદ કરી દેવામાં આવી છે. તમામ પ્રકારના ટેક્સ દૂર કરી દેવામાં આવ્યા છે.આ ચૂકાદાની જાહેરાત કરતા નાણાં મંત્રી પી. ચિદમ્બરમે કહ્યુ હતુ કે નોન સબસિડી સિલીન્ડર પર કસ્ટમ અને એક્સાઈઝ ડ્યુટી લાગુ થશે નહીં. આનાથી લોકોનો બોજ હળવો થશે. નાણાં મંત્રીએ જાહેરાતની સાથે સાથે એવા રાજ્યોની પણ પ્રસંશા કરી હતી જે રાજ્યોએ પોતાને ત્યાં સબસિડીની હદમાં આવતા સિલીન્ડરોની સંખ્યા વધારવાનો નિર્ણય કર્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે કેન્દ્રમાં કોગ્રેસના નેતૃત્વમાં સરકારે કોંગ્રેસ શાસિત રાજ્યોને કેટલાક આદેશો આપ્યા હતા જેના ભાગરૂપે કોંગ્રેસ શાસિત રાજ્યોએ એક વર્ષમાં સબસિડીની હદમાં આવતા સિલીન્ડરોની સંખ્યા છથી વધારીને નવ કરી દીધી હતી. અર્થતંત્રને પાટા ઉપર લાવવાના હેતુસર સરકાર એક પછી એક કઠોર નિર્ણયો કરી રહી છે. સરકારે સબસિડીની બહાર આવનાર સિલીન્ડરો પરથી ટેક્સ દૂર કરી દીધા છે. પરંતુ એક વર્ષમાં સબસિડી પર મળનાર છ સિલીન્ડરોની સંખ્યાને વધારવાનો ઈન્કાર કરી દીધો છે. સરકારના આ નિર્ણયની ચારેબાજુ ટિકા થઈ રહી છે. યુપીએ-૨માં સાથી પક્ષ તૃણમુલે આ મુદ્દે ટેકો પણ પાછો ખેંચી લીધો છે. એલપીજી સિલીન્ડરો પર નિર્ણયની સાથે સાથે સરકારે ડીઝલની કિંમતોમાં પણ વધારો કર્યો હતો. રિટેલમાં ૫૧ ટકા એફડીઆઈને લીલીઝંડી આપવામાં આવી હતી. આની પણ ટિકા થઈ હતી. સરકારે વધુ એક મોટુ પગલુ લઈને રાજીવ ગાંધી ઈક્વીટી સ્કિમને મંજુરી આપી દીધી છે. સરકારે રાજીવ ગાંધી ઈક્વીટી સ્કિમની હદમાં ઈટીએફ અને મ્યુચ્યુઅલ ફંડને લાવવાની પણ મંજુરી આપી છે. સરકારના આજના નિર્ણયથી સબસિડી વાળા રાંધણગેસના વાર્ષિક છના ક્વોટાને લઈને લોકોની તકલીફ ઓછી થશે. સરકારે ગયા સપ્તાહમાં જ એક વર્ષમાં એક પરિવારને સબસિડી વાળા માત્ર છ સિલીન્ડર ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરી હતી. છથી વધારેની જરૂરિયાત વાળા કોઈ પણ એક સિલીન્ડરની ખરીદી પર માર્કેટ કિંમત ચુકવવી પડશે. પાંચ ટકાની કસ્ટમ ડ્યુટીને નાબૂદ કર્યા બાદ અને આઠ ટકાની એક્સાઈઝ ડ્યુટીને નાબૂદ કર્યા બાદ દિલ્હીમાં કન્ઝ્યુમર કિંમત ૭૯૮ રૂપિયા થશે. જે હાલમાં ૧૪.૨ કિલોગ્રામના સિલીન્ડર પર ૮૯૫ રૂપિયા હતી. દિલ્હીમાં સબસિડી વાળા એલપીજીની કિંમત સિલીન્ડર દિઠ હાલ ૩૯૯ રૂપિયા છે. ચિદમ્બરમે કહ્યુ હતુ કે કસ્ટમ અને એક્સાઈઝ ડ્યુટી શૂન્ય થશે. જો કે નોન સબસિડી વાળા કોમર્શિયલ એલપીજી સિલીન્ડર ઉપર પાંચ ટકાની કસ્ટમ ડ્યુટી અને આઠ ટકાની એક્સાઈઝ ડ્યુટી ચાલુ રહેશે.

## આંધ્રપ્રદેશ : અકસ્માતમાં ૧૨ શ્રદ્ધાળુના કરુણ મોત

કડાપા, તા.૨૧

આંધ્રપ્રદેશના કડાપા જિલ્લામાં માર્ગ અકસ્માતમાં પાંચ મહિલા અને એક નવજાત શિશુ સહિત ૧૨ લોકોના મોત થયા છે. છ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા છે. ઝડપથી પસાર થતી ટ્રક સાથે વાહન ટકરાઈ જતાં આ બનાવ બન્યો હતો. ભોગ બનેલા તમામ લોકો મહારાષ્ટ્રના નાનદેદ જિલ્લાના હતા. આ લોકો તિરુમાલા તરફ જઈ રહ્યા હતા ત્યારે કોલસા ભરેલી ટ્રક તેમની ગાડી સાથે ટકરાઈ ગઈ હતી. બનાવ સવારે ૫.૩૦ વાગે બન્યો હતો. કડાપાના પોલીસ અધિકારી મનીષ કુમારે કહ્યું છે કે દુર્ઘટનાગ્રસ્ત વાહનમાં ૧૮ શ્રદ્ધાળુઓ મુસાફરી કરી રહ્યા હતા.

ભોગ બનેલા લોકો ભગવાન વેંકેશ્વરના દર્શન માટે તિરુમાલા જઈ રહ્યા હતા. ભોગ બનેલા તમામ લોકોની ઓળખવિધી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ઈજાગ્રસ્તોની નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે.

## સમાચાર ઝલક

- નવતર વિરોધ : પેટ્રોલપંપ હવે માત્ર ૮ કલાક સુધી ચાલુ રહેશે, કમીશન વધારવાની માંગણી.
- ઇન્ટરસીટી હવાઇ સેવા અટવાઇ ગઈ, હાલ મુલત્વી.
- ૮૭૦ કરોડના રિબોક કાંડમાં ભૂતપૂર્વ સીઈઓ વિષ્ણુ ભાગવતની અંતે ધરપકડ.
- ૬ લાખ કર્મયોગીને કારણે ગુજરાત ઊંચાઇ પર ઉભું છે, મુખ્યમંત્રીએ કર્મચારીઓની કામગીરીને બિરદાવી.
- આર્થિક સુધારાઓનો વધુ એક પટારો ખોલશે નાણાંમંત્રી ચિદમ્બરમ.
- તૈયારી રાખો હજુ પણ પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો થઇ શકે છે : કેન્દ્ર સરકાર.
- હળવદના કેદારીયા ગામે પાણીના ધરામાં ડુબી જવાથી ત્રણ લોકોનાં મોત.
- ફ્રેન્ચ વીકલીએ બળતામાં ઘી હોમ્યું, મહમ્મદ પયગંબરનું કાર્ટૂન પ્રકાશિત કર્યું.
- દિવાળી વખતે ઊંચા ભાવને કારણે જવેલર્સને ઓછાં ઓર્ડર મળ્યા, સોનાચાંદીના બદલે ઘડિયાળ, પેન, આઇપોડ ફોન, આપવાનો ટ્રેન્ડ.
- અન્ના મારા પિતા જેવા છે : અરવિંદ કેજરીવાલ
- ત્રણ વર્ષના પુત્રની કેન્સરની સારવારના પૈસાના અભાવે માતાએ જીવન ટૂંકાવ્યું.
- અમદાવાદથી જેદ્દાહ સીધી હજ માટે ચાર્ટર ફલાઇટનો ૧૧મી ઓકટોબરથી પ્રારંભ.
- બાબા રામદેવ અને અણ્ણા હજારેની ગુપ્ત મુલાકાત ભારે ચૂપકીદી.
- પોરબંદરમાં પોલીસની નિષ્ક્રીયતા સામે સ્થાનિક યુવાનોનું નાઇટ કોમ્બીંગ.
- બેવડી નાગરિકતા મુદ્દે રહેમાન મલિકને ગેરલાયક ઠરાવતી પાકિસ્તાન સુપ્રીમકોર્ટ.
- વિદેશી રોકાણ આકર્ષવા અમેરિકા અને જાપાનના પ્રવાસે મોન્ટેકસિંહ આહલુવાલીયા.
- વડાપ્રધાનના હોદ્દાની રેસમાં ૧૪ થી ૧૫ દાવેદારો છે.

## ચર્ચા સભા (પાના નં. ૪ નું ચાલુ)

કેટલાટ લોકો કહે છે રોજગારી વધશે. પણ આ "સેલ્ફ સર્વિસ" ના "કલ્ચર" માં શું એ શક્ય છે? વળી બાર કલાકનાં 'વર્ક એન્વાયરમેન્ટ' ધરાવતી આ વિદેશી કંપનીઓ કર્મચારીઓના શોષણ માટે પોતાના દેશમાં જ બદનામ છે તે આપણા દેશમાં શું નામ કાઢશે?

**● રીટેઇલમાં વિદેશી રોકાણ એટલે ભારતીય સામે વિદેશી ઉત્પાદકોને સહકાર :**

આઝાદી પહેલા ભારત તેમજ અન્ય ગુલામ દેશોમાં જ રૂ ઇંગ્લેન્ડ જતુ અને માંચેસ્ટરથી કાપડ તૈયાર થઇ આ દેશોમાં વેચાતું. અંગ્રેજો આ વેચાણમાં બરાબર રસ લેતા અને અઢળક નાણું રળતા. મહાત્મા ગાધી આ અર્થતંત્રની માયાજાળને બરાબર સમજેલાં અને તેથી જ તેઓએ વિદેશી કાપડની હોળી કરેલી. અત્યારે પણ વિદેશીઓની દૂરંદેશી નીતિ કંઇક આમ જ છે. પહેલાં વેચાણ પર કબ્જો કરવો અને ત્યાર બાદ વિદેશી ઉત્પાદકો સસ્તા પડે છે તેવી દલીલ કરી ભારતના ઉત્પાદકોને બદલે ચીન તેમજ અન્ય દેશોના ઉત્પાદકો ભારતમાં પધરાવવા. અને આપણી પણ માનસિકતા તો ઇમ્પોર્ટેડની જ ને? વળી આંતરરાષ્ટ્રીય ગઠજોડને લીધે પણ આ વિદેશીઓ વિદેશની જ કંપનીઓને પ્રોત્સાહન આપવાના. તમે જ વિચારો 'વોલ માર્ટ' કોને મહત્ત્વ આપશે. 'યુની લીવર'ને. 'પ્રોક્ટર એન્ડ ગેમ્બલ' ને કે પછી ગુજરાતના ગૌરવ જેવી 'અમૂલ' કે 'નિરમા' ને?

વિદેશીઓને ભારતના વિકાસમાં ખરેખર રસ હોય તો, આરોગ્ય, શિક્ષણ અને ટેકનોલોજી જેવા ક્ષેત્રો ખુલ્લા જ છે. દરેક રાજયમાં 'સ્ટેનફર્ડ' કે 'ઓક્સફર્ડ' જેવી યુનિવર્સિટીઓ કે 'નાસા' નાં સંશોધન કેન્દ્રો સ્થાપી ખરેખર ભારતીયોને કંઇક શીખવવું જ હોય તો સ્વાગત છે. બાકી આતો 'સાધુ વેશે રાવણ છે', સાવધાન. દેશને જરૂર છે પોતાની રીતે વિચાર કરી પોતાના 'કસ્ટમાઇઝ્ડ' વ્યવસાયિક મોડેલ તૈયાર કરવાની. આપણું એક મોડેલ 'અમૂલ' વિશ્વ માટે ઉદાહરણીય છે. આઝાદીના છ દસકામાં અનેક નાના વેપારીઓ પ્રગતી કરી આધુનિક દુકાનોનાં માલિક બન્યાં છે. ત્યારે ખુદ મંદીમાં ડુબેલાઓની સહાય કરતા આપણે મંદીમાં ડુબી ન જઇએ એ વાતનું ધ્યાન રાખી આયોજન કરવાની જરૂર છે. વિશ્વમાં દર સાતે એક ભારતીય છે ત્યારે પશ્ચિમનું આધળું અનુકરણ કરવા કરતા અન્ય એશિયન દેશો માટે અનુંકરણીય બનવું જોઇએ.

- mmjayswal@yahoo.co.in